## હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી
**આણંદ-૩૮૮૧૧૦**

રીસર્ચ એસોસીએટ/રીસર્ચ ફેલો. તેમજ ફીકસ પગાર મેળવતા કર્મચારીઓના ટી.એ.ડી.એ.બાબત...

**-:: પરિપત્ર-૨/૧૩-૧૪ ::-**

આથી તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને તેમજ ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, સરકારશ્રીએ પાંચમા પગાર પંચમાં પગાર ધોરણ ઉપર ટી.એ./ડી.એ.ના રૂલ્સ હતા જયારે છઠ્ઠા પગાર પંચમાં ટી.એ./ડી.એ.ના રુલ્સ ગ્રેડ-૫ ઉપર નકકી કરવામાં આવેલ છે જેના કારણે ફીકસ પગાર મેળવતા કર્મચારીઓને ટી.એ./ડી.એ. કયા રેટ ઉપર આપવું તે એક પ્રશ્ન છે. આઈ.સી.એ.આર.યોજનામાં જે નિમણુંક આપવામાં આવે છે તે ફીકસ પગાર ઉપર આપવામાં આવે છે.

સરકારશ્રીના ટી.એ./ડી.એ.ના રૂલ્સ નો અભ્યાસ કરતાં ફીકસ પગારવાળા કર્મચારીઓના ટી.એ./ડી.એ.બાબતે કોઈ ઉલ્લખે નથી પરંતુ આ બાબત અત્રેની કચેરીની તા.૧૪.૨.૨૦૧૩ ની નોધ ઉપર સંશોધન નિયામકશ્રીની ભલામણ મેળવી  મા.કુલપતિશ્રીની મંજુરી મેળવેલ છે તે મુજબ નીચે મુજબનું ડી.એ.ચુકવવાનું થાય છે.

ફીકસ પગારવાળા કર્મચારીનો ફીકસ પગાર રૂ.૧૨૦૦૦/- થી રૂા. ૨૩૦૦૦/- સુધી હોય તેમને સરકારશ્રીના ટી.એ./ડી.એ.ના ઠરાવમાં જે ગ્રેડ-પે બતાવેલ છે તે ઠરાવ મુજબ રૂા.૪૨૦૦/- થી રૂા. ૭૬૦૦/- સુધીના ગ્રેડ પે ધ્યાને લેતાં તેમને તે મુજબ ડી.એ. આકારવાનું રહે છે.

જા.નં.આકૃયુ/હિઅવહિનિ/૬૨/૧૩
તાઃ ૧ /૪/૨૦૧૩

(સહી)
હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક

**નકલ સવિનય રવાના :**

(૧) નિયામકશ્રી, ઇન્ફર્મેશન ટેકનોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ સદરહું પરિપત્ર યુનિ.ની વેબસાઈટ ઉપર મુકવા સારું

(૨)સર્વે યુનિટના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા જે તે કર્મચારીને તે દિવસે સ્થળ ઉપર કર્મચારીને હાજર રાખવા કે જેથી સુધારા-વધારાને કરવાનો પ્રશ્ન રહે નહી.